# 20th meeting of Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

December 18, 2020

## ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણાની 20મી બેઠક

ડીસેમ્બર 18, 2020

ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન (WMCC) માટેની કાર્યકારી યંત્રણાની 20મી બેઠક 18 ડીસેમ્બર, 2020 નાં રોજ યોજાઇ હતી. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલય માંથી સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવી હતી. ચીનનાં વિદેશ મંત્રાલયનાં સીમા અને સમુદ્રી બાબતોનાં ડીપાર્ટમેન્ટનાં મહા નિર્દેશક દ્વારા ચીનનાં પ્રતિનિધિમંડળની આગેવાની કરવામાં આવી હતી.

બન્ને પક્ષોએ 30 સપ્ટેમ્બર 2020 નાં રોજ યોજાયેલા WMCC નાં છેલ્લા રાઉન્ડ પછી ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર થયેલા વિકાસોની સમીક્ષા કરી હતી. બન્ને પક્ષો સંમત થયા હતા કે સીનિયર નેતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલા માર્ગદર્શન અને બન્ને વિદેશ મંત્રીઓ અને વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે થયેલી સમજૂતિઓનાં આધાર પર, તેઓ બને તેટલા વહેલા પશ્ચિમ સેક્ટરમાં LAC પરનાં તમામ ઘર્ષણ બિંદુઓમાં સંપૂર્ણ રીતે સૈનિકો પાછા ખેંચી લેવાનું સુનિશ્ચિત કરવા તરફ કાર્ય કરવાનું ચાલું રાખસે. બન્ને પક્ષોએ નોંધ લીધી હતી કે 12 ઓક્ટોબર 2020 અને 6 નવેમ્બર 2020 નાં રોજ યોજાયેલી સીનિયર કમાન્ડરોની બેઠકોનાં અનુક્રમે 7માં અને 8માં રાઉન્ડમાં આ સંદર્ભમાં ઉંડાણપૂર્વકની ચર્ચાઓ કરવામાં આવી હતી અને આ ચર્ચાઓએ જમીન પર સ્થિરતા સુનિશ્ચિત કરવામાં યોગદાન પણ આપ્યું હતું.

બન્ને પક્ષો રાજદ્વારી અને મિલિટ્રી સ્તર પર નિકટનાં પરામર્શો જાળવી રાખવા સંમત થયા હતા. તેઓ સંમત થયા હતા કે સીનિયર કમાન્ડરોની બેઠકનો આગામી રાઉન્ડ વહેલી તારીખ પર યોજાવો જોઇએ જેથી બન્ને પક્ષો પ્રવર્તમાન દ્વિપક્ષીય સમજૂતિઓ અને પ્રોટોકોલનાં અનુપાલનમાં LAC પર વહેલા અને સંપૂર્ણ સૈન્ય પાછું ખેંચી લઇ અને શાંતિ અને સુલેહ પુનઃસ્થાપિત કરવા તરફ કાર્ય કરી શકે.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 18, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.